સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

ભાવે ધોબીપછાડ, ધોબીઘાટ જોવાઇ જશે,
ઉદ્યોગપતિઓના મેલ અહીં ધોવાઇ જશે!
વગોવાઇ જશે ખાનગીકરણના ખેલમાં -
અને જૂની સંસ્કૃતિ, ગુજરીમાં ખોવાઇ જશે!

હાઈકુ

'કચરો' કાઢો
પછી 'ન્યૂ-નગર'ની
મારો સફાઇ!

ઉગે છે કાંટા
- દિલ્હીના મારગમાં.
'ત્રીજો મોરચો'

ચિંતન

તસ્માત્ સર્વસ્ય જીવસ્ય બંધ કૃન્માનસંયત્ । મમેતિ બધ્યતે જન્તુઃ નિર્મમેતિ વિમુચ્યતે ॥ (૧)
દ્વેપદે બંધ મોક્ષસ્ય મમેતિ નિર્મમેતિ । મમતિ બધ્યતે જન્તુઃ નિર્મમેતિ વિમુચ્યતે ॥

વરાહ ઉપનિષદનો આ શ્લોક બંધન અને મોક્ષનું રહસ્ય સમજાવીને સરળ ઉપચાર પણ બતાવે છે :

સર્વ જીવોને બંધનમાં નાખનાર અને મુક્તિ માટેનું કારણ માત્ર માનસિક છે. જે 'મમ-મમ' (માંસ-માંસ) માડું-માડું માત્રથી જીવ માંસ-ચરબી-હાડકાં-લોહીથી જીવ બંધાય છે અને નિ-મંમ માંસ રહિત થવાથી જીવ મુક્ત થાય છે (૧). બંધન અને મોક્ષના બે જ ઉપાય, માર્ગ-કારણ છે મમતા (મોહ-માયા) અન નિર્મમતા (ત્યાગ-સમર્પણ) મમતાથી જીવ બંધાય છે નિર્મમતાથી મુક્ત થઇ જાય છે.'

ઇશ્વર કહે છે કે : માડું-માડું જે કરે છે તેને હું માડું । તાડું-તાડું જે કરે છે તેને હું તાડું ॥

રામચરિત માનસમાં તુલસીદાસજી પણ કહે છે : મૈં અડું મોર, તોર તૈં માયા, જેહિં બસ કીન્હે જીવ નિકાય ।

ઘર-પરિવાર-સમાજમાં સ્વાર્થ અને સંકુચિત માનસ-વૃત્તિ ધરાવનાર માત્ર 'માડું' નો વિચાર કરી છળકપટ-લોભથી 'બચત'ની વૃત્તિ ધરાવે છે માત્ર પોતાનો જ વિચાર કરે છે જ્યારે ઉદારવૃત્તિવાળા ત્યાગ ભાવનાથી 'માડું કંઇ જ નથી' બદી ઇશ્વરકૃપાથી 'સૌનું છે' એમ વિચારી ચિંતાઓથી 'મુક્ત' થઇ જાય છે.

સુવિચાર

- દરેક માણસને પોતાની નમ્રતાનું ગૌરવ હોવું જોઇએ, નમ્રતાનું ગુમાન પણ ન હોવું જોઇએ, નમ્રતામાં નજાકત હોવી જ જોઇએ - *ધર્મસૂત્ર*
- કેટલાક લોકો શબ્દની ધાર જ કાઢતા રહેતા હોય છે, એમને તો મોઢામોઢ સંભળાવી જ દેવું છે શબ્દો ચોપડાવી દેવાની વસ્તુ જ નથી. શબ્દો એ તો સ્પર્શવાની વસ્તુ છે - *ધર્માધિકારી*
- ઘણીવાર મૌન શબ્દોથી પણ તેજ, ધારદાર, તિક્ષણ બની જાય છે, મૌન તો શબ્દોની સમાધિ હોવું જોઇએ. મૌન પછી નીકળતા શબ્દો સાત્વીક અને સંવેદનશીલ હોવા જોઇએ- *મૌન સૂત્ર*
- તમારી પાસે કોઇ જવાબ જોઇતો હોવ અને તમે મૌન રહો, એ પણ સામેના માણસના અપમાનનો એક પ્રકાર જ છે - *મનુસ્મૃતિ*
- માણસે બે જ વખત શરમાવવા જેવું છે. બોલવું ઉચિત હોય ત્યારે મૌન રહેવું, અને મૌન રહેવાનું હોય ત્યારે બોલવું - *શેખ સાદી*
- મક્કમ અને હળવાશ ભર્યું મન, અશક્યને શક્ય, શક્યને સંભવિત અને સંભવિતને સુનિશ્ચિત બનાવી દે છે - *કાકા વાલેસ*
- કોઇને સમજવા માટે પહેલા તો આપણે આપણી જાતને સમજવી જોઇએ જેના માટે આપણે જાત સાથે સતત સંવાદ કરવો જોઇએ - *જેન કથન*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

કેટલાક ભણ્યા-ગણ્યા હોય છતાં વ્યવહારું બુદ્ધિ નથી હોતી. કોઇનાં સલાહ-સૂચન પર જ સમય કાઢી જતા હોય છે, અને સમાજમાં મૂર્ખની ચાટીમાં તેમનો સમાવેશ થતો હોય છે.

મુલ્લાં નસરૂદ્દીનની બુદ્ધિમાં છિદ્ર હતું.

એકવાર એ ગુજરી બજારમાં બરફી વેંચવા ગયા. પડોશીની પણ બકરી વેંચવાની હતી. સવારથી સાંજ સુધી ઉભા રહ્યાં પણ મુલ્લાંની બકરી ન વેંચાઇ-પડોશી તો પોણા કલાકમાં બકરી વેંચી ઘેર આવી ગયો હતો.

મુલ્લાં નિરાસ થઇ સાંજે બકરી બાંધતા હતા. પડોશીએ કહ્યું તમને માર્કેટીંગ નથી આવડતું. ગ્રાહકને એમ કહેવાનું કે 'બકરી ટંકે એક લીટર દૂધ દે છે અને પાંચ મહિનાનો ગર્ભ છે.'

નસરૂદ્દીનની બકરી બીજે જ દિવસે વેંચાઇ ગઇ.

હવે નસરૂદ્દીનની દીકરી થોડી કુરૂપ હતી અને સ્વભાવે, બુદ્ધિમાં પણ બાપ પર ગઇ હતી. નિકાહ થતા નો'તા. મુરતીયા જોઇ જોઇ હાલ્યા જતા હતા.

બકરી વેંચાઇ ગઇ એ જ દિવસે એક મૂરતિયો દીકરીને જોવા આવ્યો. મુલ્લાંને માર્કેટીંગ યાદ આવ્યું કહ્યું દીકરી તંદુરસ્ત છે ને પાંચ મહિનાનો ગર્ભ પણ છે!

મૂર્તિયો મુઠ્ઠીવાળી ભાગી ગયો!

Email - sureshchandrabhatt18@gmail.com

ફેસબુકના દસ વરસ : અજવાળામાં સંતાયેલું અંધારું કે અંધારામાં સંતાયેલું અજવાળું ?

કોફી હાઉસ
- ઉત્સવ પરમાર

દુનિયાભરના લોકોને અભિવ્યક્તિનો એક ગ્લોબલ અલખ ઓટલો આપનાર ફેસબુકનો રોટલો છેલ્લા ૧૦ વરસથી શેકાઈ રહ્યો છે અને દુનિયા જાણે એક મોટી જ મિજબાનૅન્નો હિસ્સો છે! માર્ક ઝકરબર્ગ નામના અન્ડર-ગ્રેજયુએટ બાર્શિંદાનો એક અફલાતૂન આઈડિયા જાસ્મીન રેવોલ્યુશન અને આરબ સ્પ્રિંગ સુધીની ઘટનાઓમાં એક નિમિત્તે બનશે એવી કલ્પના આજથી દસ વરસ પહેલા કોઈએ કરી પણ નહી હોય! જો કૉંગ્રેસ ની જેમ ફેસબુક એડ કેમ્પેઈન ચલાવે કે 'પિછલે દસ સાલો મેં ક્યાં બદલા?' તો ખબર પડે કે ભારતની કુલ વસ્તી જેટલા લોકો ફેસબુક નેશનના નિવાસી છે .. જયાં તેમણે મુકેલા કે અપડેટ કરેલા વાત, અનુભવ કે વિચારનો એક લેખિત સંગ્રહ છે! જગત માટે આ સુચના ક્રાંતિ કહી શકાય - જીવનના આટલા વિચારો આટલી ક્ષણો આ પૂર્વે કદી સંગ્રહિત નહોતી થઈ .. ફેસબુક એક પેરેલલ લાઈફની કક્ષા એ પહોચી ગયેલી ઘટના છે! દસ વરસની ભીતર એને ભીતરની દુનિયાને બહાર લાવી દીધી ... ભીડનો માણસ એકલો પડી ગયો અને એકલો માણસ ભીડ માં આવી ગયો! માણસો એકબીજાનો ચેહરો જોયા વગર કે એકબીજાનો અવાજ સાંભળ્યા વગર વાતો કરવા લાગ્યાં... લાલ રંગનું એક ઈમોટીકોન ગોળ ગુસ્સા માટેની તંગ આંખો કે ફૂલતી નસોની જગ્યા સાયબર સ્પેસમાં લેવા લાગ્યું ... કિસ, મિસ, લવ-શવ, ફ્લર્ટ, વિન્ક્રીગ-બ્લીન્ક્રીગ, ચીડ-ખીજ, આશ્ચર્ય, ઉત્સાહ, ભય-સંશય બધા માટે એક ક્લિક-એક ઈમોટીકોન! ચેહરાની એક પણ રેખા તંગ કર્યા વગર કે આંખો ભીની કર્યા વગર રડી શકાય ખરુ? રોલિંગ ઓન ફ્લોર લાફીંગ લખીને માત્ર પેટમાં વળ પાડીને દુખાડી શકાય? કોઈની આંખોમાં જોયા વગર આઈ લવ યુ કહી શકાય? આમ છતાં દુનિયાના એક અબજથી પણ વધુ લોકો ઈમોટીકોન્સથી ઈમોશન્સની 'આપ-લે' કરે છે! એક વાત સારી બની કે દુનિયાના કોઈ પણ ઈન્ટરનેટ કનેક્ટેડ કમ્પ્યુટરની મદદથી સોમાલિયાથી સ્વીત્ઝર્લેન્ડ સુધી વાત થઇ શકે ... 'મિત્ર વર્તુળો' ની ત્રિજયા વધી ગઈને દુનિયાનો કોઈ પણ માણસ તમારા વર્તુળનો હિસ્સો બની શકે! તમારી ઓફીસમાં વર્કલોડ બહુ છે કે કોલેજમાં સબમીશનનું પ્રેશર ... સ્માર્ટફોન કે લેપટોપની ઓપન સ્ક્રીન માં ઓનલાઈન એવા દોસ્ત સાથે શેર કરી શકો છો જેમને તમારી કે તમારા કામ સાથે નાહવા-નિચોવાનો પણ સંબંધ નથી છતાં પણ એ તમારી વાતમાં રસ લઈ શકે ...! વરસો પેહલા ના જુના યારો સાવ નવા દોસ્તો ની જેમ 'હાઈ' કરી શકે છે અને બે અઠવાડિયા પહેલા જ ઓનલાઈન બનેલા દોસ્તો ગાળ આપીને ચેટ-બોક્સમાં ઝબકી શકે છે !

ફેસબુકનો પોલીટીકલ પાવર પણ વધી રહ્યો છે. પોલીટીકલ પાર્ટીઝમાં બનતા સોશલ મીડિયા સેલ આની ગવાહી આપે છે અને રીતસરની એક આર્મી ની જેમ બે પાર્ટીઝ વચે સાયબર-પોલીટીકલ વોર ચાલે છે ! કોકરાઝાર અને મુઝ્ઝફર નગર જેવી ઘટનાઓ માં ફેસબુક બારૂદી સુરંગની જેમ પથરાયેલું રહે છે ... કઈ અફવા ક્યાંથી ફૂટે ને એક વર્ચ્યુલ દુનિયા રીયલ દુનિયાને સળગતી આગમાં ઝોંકી દે..! લોકો સરે-આમ પોતના રાજકીય વિચારોની ચર્ચા કરતા થયા છે પણ હવે ડાણ ઘટી રહ્યું છે - તથ્ય ની તપાસ વિના જ ફક્ત 'આવું હોઈ શકે' આ એવા ઈન્ટીયુશન ના જોર પર સ્ટેટ્સ અને કમેન્ટ્સ ફૂંકાઈ રહ્યા છે! અભિવ્યક્તિ ઉફાન પર છે - આઈ ટી એક્ટ ની ૬૬ મી કલમ અને એક સામન્ય સ્ટેટ્સ વચ્ચેની ટક્કર દોઢ વરસ પહેલા જ જોઈ લીધી! લોકતંત્રની વ્યવસ્થા સામે ફેસબુક શું છે? એક અરાજક વ્યવસ્થા કે પછી વ્યવસ્થિત અરાજકતા? જવાબો માટે કદાચ સદીઓ લાંબી પ્રતીક્ષા નહી કરવી પડે...

વેલ... આં તારીખ સુધીમાં ફેસબુક એક આદતથી વિશેષ બની ચુક્યું છે! લોકો ને જેમ જમીન સાથે પ્યાર હોય છે એમ પોતાની પ્રોફાઈલ સાથે થવા લાગ્યો છે! ૫૦ વરસ પછી ફેસબુક હશે? જો હશે તો કેવી સ્થિતિ હશે? તમારા જીવનની ક્ષણો કેટલી જબરદસ્ત રીતે 'અમર' થઈ જશે! ૧૦ વરસ નિમિત્તે ફેસબુકે 'અ લુક બેક' ઓપ્શન લોન્ચ કર્યોને ફેસબુક નેશન માત્ર છેલ્લા કેટલાક વરસોના નોસ્ટાલ્જીક નશામાં ખોવાઈ ગયું, સોચો જૂની વાઈનની જેમ આ લુક બેક ૫૦ વરસોનું હોય તો? ટાઈટેનિકની ડોસી રોઝની જેમ આપણે પણ ગ્રાંડ-ગ્રાંડ ચિલ્ડ્રન્સ ને આપણી મુવી બતાવી શકીશું ! જવાની ના કિસ્સા કોઈ ગાર્ડન ના બાંકડે કોઈ ડિવાઈસ માં પ્લે કરીને લાફીંગ ક્લબ કે મોર્નિંગ વોક પછીનો સમય વિતાવીશું. કદાચ સમય આગળ વધે ને પછી સાયબર આર્કિઓલોજી જેવો ઈન્ટરેસ્ટીંગ સબ્જેક્ટ શરુ થાયને એમાં એક્સપર્ટસ પ્રોફાઈલ ડેટા ખોદી ખોદીને ઈતિહાસ ફરી લખવામાં મદદ કરે! હાલ જ પ્રિસ્ટન યુનિવર્સિટીના બે રીસર્ચ-ખોરો એ આગાહી કરી નાખી કે ૨૦૧૭ એ ફેસબુક નો ડી-ડે આવી જશે! એની શેર પ્રાઈસ ગગડી જશે ને લોકો બોર થઈ જશે! પણ પછી લોકો ફેસબુક છોડી ને ક્યાં જશે? નવી કોઈ સાઈટ પર...જયાં બધી શરૂઆત ફરી કરવી પડે ? એમ કહેવાય છે કે ફેસબુકનો બધો જ ડેટા ટ્રાન્સફર કરી ને નવી સાઈટ માં ભરીને ઉત્ક્રાંતિ નું ચક્ર આગળ વધશે ... બોટલ નવી ને દારુ જુનો ટાઈપની વાત! પણ આ બી એક ટાઈપનો સાયબર સામ્યવાદ જ થયો કેહવાય ને? અને જો લોકો પ્રોફાઈલ આપવાનો વિરોધ કરે તો ..? જમીન જેવી જ વાત થાય... પોતાની યાદો નું એક આખું શહેર એક આખી દુનિયા...એની સાથે -એ ભાવના સાથે આવનારા સમય ના ટેકનોકેટ્સે લડવાનું છે... પડકારો જીલવાના છે!

સોશલ નેટવર્કિંગ અને ખાસ કરીને ફેસબુક એક વિરોધાભાસના દોરમાંથી પસાર થઈ રહ્યો છે! એક પેરેલલ વર્ચ્યુલ લાઈફની સામે રીયલ લાઈફનો વિરોધાભાસ! ફેસબુકની પ્રોફાઈલ્સમાં ગોઠવી શકાતી રંગીનીઓ સામે જીવી રહેલી વાસ્તવિક રંગહીનતા નો વિરોધાભાસ માણસ ને ગૂંચવી શકે છે-હજુ તેને આદત નથી-હજુ એને આવડ્યું નથી એ ગુંચવણમાંથી બહાર આવતા-પણ ધીમે ધીમે એક દિવસ...માણસ શીખી જશે... વરસો પહેલા આગ પ્રગટાવી હતી એમ, ચોખાનો છોડ ઉગાડ્યો તો એમ, ઝાડની છાલના કપડા કર્યા તા એમ... આ પણ શીખી જશે! ત્યાં સુધી વેઈટ એન વોચ ... ત્યાં સુધી સ્ટેટ્સ અપડેટ કર્યા કરો જયાં સુધી તમને એવી ફીલિંગ નાં આવે કે જેના ઈમોટીકોન્સ ગૂગલ માં પણ નાં મળે...એન્જોય!

- ch972367947@yahoo.com

સ્મૃતિઓ : સમી સાંજનું ભાથું

અક્ષયપાત્ર
- બકુલ દવે

હમને જબ ભી દાસ્તાંન-એ-શૌક છેડી, દોસ્તોં
હર કિસી કો યે લગા જૈસે ઉસી કી બાત હૈ ।
- શહરયાર

જીવન આગળ વધતું જાય છે. જીવનવૃક્ષ પરથી ક્ષણો પાકેલાં પિત્ત પર્ણો જેમ ખરતી જાય છે. મુઠ્ઠીમાં આવી ગયેલી, પોતીકી જણાતી ક્ષણ હથેળીમાંથી સરી જાય છે અને પલકારામાં અતીતનો હિસ્સો બની જાય છે. ચાલી ગયેલી ક્ષણ - જેને પોતાની માની હતી તે જોતજોતામાં કેટકેટલું લઈને ચાલી જતી હોય છે. રેતશીશીમાંથી રેત ખરતી જાય છે. આયુષ્ટ ટૂકું થતું જાય છે.. સુબહ હોતી હૈ, શામ હોતી હૈ, ઝિંદગી યૂં હીં તમામ હોતી હૈ. આપણે કહીએ છીએ કે જીવન આગળ વધતું જાય છે, પણ જીવનમાં આગળ વધવાની સાથે આપણે જે કંઈ પામીએ છીએ તેનાથી અનેકગણું પાછળ રહી જતું હોય છે. શૈસવ અને યુવાની, સગાંવહાલાં અને દોસ્તારો, તડકાછાયા જેવા સમયમનાં ટુકડાઓ, ઘણું, અંગત, થોડું બિનંગત અને ક્યારેક અસંગત. લાગણીના લીંપણ પર પડેલી સ્મૃતિઓની ઓકળીઓ...

સ્મૃતિઓ પીછાં જેમ હળુહળું સ્પર્શી જતી મુલાયમ અને સમૃણ સ્મૃતિઓ શૂળની જેમ ભોંકાઈને અંદર ભટકી જઈ ખટકયા કરતી સ્મૃતિઓ. સુગંધ જેમ વહી આવી સમગ્ર અસ્તિત્વને વીંટળાઈ જતી સ્મૃતિઓ. સફેદ, કાળી, લાલ, લીલી અને પીળી સ્મૃતિઓ. ક્યારેક મધ જેવી મીઠી, કેરીની ગોટલી જેવી તૂરી અને આંબોળિયાની ખટાશવાળી સ્મૃતિઓ...

કેટકેટલું યાદ આવે છે આગળ વધતા જીવન સાથે. શેરીની ધૂળભરી વિખરાતી સાંજ, સીમની બપોર અને અગણિત તારાથી મઢેલા આકાશી ચંદરવા હેઠળ સૂતા હોઈએ ત્યારે સ્વખનમાં લઈ જતી રાત્રિઓ. ગામનું તળાવ, આંગળી પકડી લઈ જતો પિતાનો હાથ, બાનો સાદ, ફળિયું, લીમડાની ડાળ, ગલુડિયું હતો પછી ડાયિયો બની ફરતો ને પછી નજર સામે મૃત્યુ પામેલો ટાઈગર. બિલાડીનાં બચ્ચાં, ગિલ્લીદંડા, આંબલી-પીપળી અને સાતોડિયું. થોડા ઝઘડા અને થોડો પ્રેમ. પ્રિયના હાથમાં સ્પર્શ અને ગમતી છોકરીને કરેલું પ્રથમ ચુંબન... પહેલી કવિતા...

સમય પર કેવો કલાકાર છે! આ ક્ષણે એક ઘટના બને છે ત્યારે એ સામાન્ય ઘટના હોય છે, રોજિંદા જીવનના ભાગ જેવી. પણ એની પર સમયનો રંગ ચડતો જાય છે પછી એ સામાન્ય રહેતી નથી. એનું સ્મરણ - અધખૂલી રહી ગયેલી બારી જેમ ઉઘાડબંધ થતા કરતું હોય છે. અશક્ય એવો એક વિચાર આવે છે. વીતી ગયેલા કોઈ મનગમતા સમયખંડમાંથી ફરી પસાર થઈ શકાતું હોય તો ? પ્રિયજનો - જે કદીએ મળવાનાં નથી એવાં દિવંગત સ્વજનોને ફરી મળી શકાતું હોત તો? પણ એ સંભવિત નથી ને તેથી જ એ સુંદર છે ને અતિ મૂલ્યવાન પણ. 'આપ કી કસમ'નું એક ગીત છે : 'જિંદગી કે સફર મેં ગુજર જાતે હૈ જો મકામ વો ફિર નહીં આતે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

આપણી સંસ્કૃતિ ત્યાગ પ્રધાન છે, ભોગ પ્રધાન નહીં, સમગ્ર વિશ્વ અત્યારે ભોગવાદિતામાં રાચી રહ્યું છે... એમાંથી કેમેય કરીને ભારતે બચવું જ રહ્યું

વિષયથી પર-એવું વિવિધ વિષયોનું શિક્ષણ
- હર્ષદ પ્ર. શાહ

(ગતાંકથી આગળ...)

(૪) પર્યાવરણ : -

આપણી સાથે, આપણી આસપાસની સચરાચર સૃષ્ટિ સાથેનું સામંજસ્ય સ્થાપિત કરવાનું કામ પર્યાવરણનું શાસ્ત્ર કરે છે. ઈશ્વર નિર્મિત પર્યાવરણને પોતાના ક્ષુદ્ર સ્વાર્થની પૂર્તિ કરવા માટે મનુષ્ય દુષિત કરે છે, ખંડિત કરે છે. પ્રકૃતિ ઈશ્વરની શ્રેષ્ઠ કૃતિ છે, એ માનવની કૃતિઓથી અભડાય એ બરાબર નથી. પ્રકૃતિ સાથે સમન્વય હોય, સંઘર્ષ નહીં. પ્રકૃતિને શરણે જવાય, એના પર વિજય મેળવવાનો કુછંદ ન હોય. પ્રકૃતિનું દોહન હોય, શોષણ નહીં, કુશળ આચાર્ય આ સમજાવે. પ્રકૃતિ સાથેનું વૈજ્ઞાનિક અને ભાવાત્મક અનુસંધાન સ્થાપિત કરી નિર્મળ જીવન જીવતાં શીખવે એ ખરો આચાર્ય.

આપણાં ઉપનિષદોએ કહ્યું છે.- તેન ત્યક્તેન ભૂંજીથાઃ । ત્યાગીને ભોગવ. કેવી સુંદર વાત! ભૌતિક અને આધિભૌતિક તત્વોનો કેવો સુંદર સુમેળ! આપણી સંસ્કૃતિ ત્યાગ પ્રધાન છે, ભોગ પ્રધાન નહીં. સમગ્ર વિશ્વ અત્યારે ભોગવાદિતામાં રાચી રહ્યું છે... એમાંથી કેમેય કરીને ભારતે બચવું જ રહ્યું.

કાગળનો બગાડ ક્યારેય ન કરવો... એનાથી વિપુલ પ્રમાણમાં વૃક્ષોનો નાશ થાય છે. કાગળની એક બાજુ કોરી હોય, તો એના ઉપર લખવાથી કંઈ કોઈની આબરૂ જતી નથી.

માંસાહાર પર્યાવરણ માટે અત્યંત હાનિકારક છે. એનાથી પાણીનો ખૂબ બગાડ થાય છે. શાકાહારની પ્રક્રિયા ઘણું પાણી બચાવે છે.

અન્ન દેવ છે. થાળીમાં અન્ન ક્યારેય એઠું ન મૂકવું. શું દેવને ગટરમાં પધરાવી દેવામાં આપણી શોભા છે? અત્યારે જે માત્રામાં અન્નનો બગાડ થાય છે તે અન્ન કંઈ કરોડોનાં પેટની ક્ષુધા શાંત કરી શકે એમ છે. જૈનોમાં જમીને થાળી ધોઈને પીવાની પદ્ધતિ છે. ખૂબ સુંદર છે. શું આ બાબત વિદ્યાર્થીઓને ન સમજાવી શકાય?

ભારતીય સંસ્કૃતિએ પર્યાવરણમય જીવન જીવતાં શીખવ્યું છે. આપણી આ સંસ્કૃતિ કહે છે- નદી આપણી માતા છે, ગાય અને તુલસી પણ માતા સ્થાને છે. પર્વત અને વૃક્ષ આપણા દેવતા છે. દરિયાદેવની પૂજા અનેકવિધ રીતે આપણે કરીએ છીએ. ચાંદામામા અને સૂરજદાદા આપણા પરિવારના સભ્યો છે.

આમ, જો શિક્ષક ધારે તો પર્યાવરણ વિષય સાથે વિદ્યાર્થીઓને ઓતપ્રોત કરી એમની જીવન શૈલપ બદલી શકે છે. શિક્ષક જો ધારે તો વિદ્યાર્થીઓમાં વૃક્ષારોપણનો અભિગમ વિકસાવી શકે છે... વૃક્ષ એ નીલકંઠનો અવતાર,

આપે અમૃત ચૂસે ઝેર!

(૫) ગણિત :-

ગણિતમાં શું શીખવશું?

ચાલો શીખવીએ ➔ ગુણોનો ગુણાકાર
દોષોનો ભાગાકાર
સ્નેહનો સરવાળો
અને દ્વેષની બાદબાકી.

જોડવાનું ગણિત શીખવો... તોડવાનું નહીં.

૧+૧ = ૨ પણ ૧ ની બાજુમાં બીજો ૧ મુકી દેવાથી ૧૧ થાય. વ્યક્તિઓને પોતાની સાથે લેવાથી અનેકગણી શક્તિ વધે.

$(અ+બ)^{૨} = અ^{૨} + ૨અબ + બ^{૨}$

આ ૨અબ એ અ અને બ ના સંયોજનની ઊર્જા છે.

પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્ પૂર્ણ મુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ॥

શૂન્યની... પૂર્ણની આવી અદ્‌ભુત સંકલ્પના સમજાવવી. જીવનના પણ અનેક કૂટપ્રશ્નો હોય છે. એના ઉત્તર ટાળો નહીં. એ અનિવાર્ય પ્રશ્નો છે.. એમનો સામનો કરતાં શીખવાડો. ગણિત જીવનવ્યવહારનું મહત્વનું અંગ છે. એને સૈદ્ધાંતિક અને વ્યાવહારિક- બંને રીતે શીખવવું જોઈએ.

(૬) ગુજરાતી :-

ગુજરાતી આપણી માતૃભાષા છે... માત્ર ભાષા નથી!
ગુજરાતી ભાષાનું સ્થાન માતાના દૂધ જેવું છે.
અંગ્રેજી ભાષાનું સ્થાન બોટલના દૂધ જેવું છે.

માતૃભાષાના મજબૂત આધાર પર જગતની બધી ભાષાઓ સરસ રીતે શીખી શકાય. સંસ્કાર સિંચનની પ્રક્રિયા માતૃભાષામાં જ ઉત્તમ રીતે થાય. માતૃભાષા પ્રત્યે જરા પણ ઉપેક્ષા કે અવગણના ન સેવવી. આપણી ભાષા શુદ્ધ રીતે બોલવી અને લખવી એમાં જ આપણું ગૌરવ છે.

(૭) હિન્દી :-

સમગ્ર રાષ્ટ્રની ભાષા છે. આપણું સંપર્ક સૂત્ર છે. સમગ્ર રાષ્ટ્રમાં, જનજનમાં રાષ્ટ્રીય એકાત્મતાની અનુભૂતિ કરાવવાની ક્ષમતા એનામાં છે. સંસ્કૃતિનાં મૂલ્યોનો ધબકાર હિન્દી સાહિત્યમાં છે. રોટરી કલબના સર્વે પ્રમાણે વિશ્વના ૧૬૮ દેશોમાં હિન્દી ભાષી લોકો છે. એટલે ત્યાં બધે હિન્દી ભાષામાં કારભાર થાય છે. અંગ્રેજી ભાષાની ઘેલછાના વાવાઝોડામાં હિન્દી ભાષા ક્યાંક વિલીન ન થઈ જાય તે આપણી ચિંતાનો વિષય છે.

(૮) સંસ્કૃત :-

આપણી મહાન સંસ્કૃતિનો વારસો સંસ્કૃતમાં સચવાયોલો છે. સમ+કૃત= સંસ્કૃત. શ્રેષ્ઠ કૃતિ કરવાની પ્રેરણા આપે તે સંસ્કૃત. એ દેવવાણી છે એમ કહી અંતર ન પાડવું જોઈએ. એ લોકવાણી છે એમ માની એનો સહજ સ્વીકાર કરવો જોઈએ. સંસ્કૃત અઘરી ભાષા નથી, સરળ અને મધુર ભાષા છે. સંસ્કૃત ભાષાને સંસ્કૃત સંભાષણની રીતે સુંદર રીતે શીખવવી જોઈએ. એ કેવળ અનુવાદની કે ગોખણપટ્ટી કરવાની ભાષા નથી. એનામાં થોડા શબ્દોમાં ઘણું કહેવાની, ઘણો મોટો વિચાર સમજાવવાની અદ્‌ભુત શક્તિ રહેલી છે-

દા.ત.

આકાશાત્ પતિતં તોયં યથા ગચ્છતિ સાગરમ્ ।
સર્વ દેવં નમસ્કારં કેશવં પ્રતિ ગચ્છતિ ॥

જેમ આકાશમાંથી પડતું પાણી સાગર તરફ વહે છે, તેમ કોઈ પણ દેવને કરેલા નમસ્કાર કેશવને (ભગવાનને) પહોંચે છે. કેટલો મોટો વિચાર કેવળ બે પંક્તિમાં ! ઉચ્ચાર, લિપિ અને ધ્વનિનું અદ્‌ભૂત સાંમજસ્ય! વિશ્વની સર્વાધિક વૈજ્ઞાનિક. અને શુદ્ધતમ ભાષા! સંગણક યંત્ર (કોમ્પ્યુટર) માટે પણ અતિ શ્રેષ્ઠ.

સંસ્કૃત સરસ રીતે ભણાવવાથી વિદ્યાર્થીઓ સુસંસ્કૃત બનશે, અનુશાસિત બનશે અને રાષ્ટ્રભક્ત બનશે.

(૯) વૈદિક ગણિત

જગદ્‌ગુરૂ શંકરાચાર્ય નિર્મિત આ વૈદિક ગણિત ૧૬

સૂત્રોની આસપાસ ગૂંથાયેલું છે. તર્કબદ્ધ અને લયબદ્ધ એવા આ શાસ્ત્રને ભણવાથી મનની શક્તિનો વિકાસ થાય છે. કેલક્યુલેટરના ગુલામ બનવાની જરૂર નહીં પડે. આ વિષયનો પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ નિયમિત વિષય બનાવવાથી વિદ્યાર્થીઓનો ખૂબ ઝડપી વિકાસ થઈ શકે. શિક્ષણ શાસ્ત્રીઓએ યોગની જેમ આ વિષયનો પણ વૈજ્ઞાનિક સ્વીકાર કરવાની જરૂર છે.

(૧૦) વિજ્ઞાન

જીવનના ડગલેને પગલે વિજ્ઞાન પથરાયેલું છે. વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનદૃષ્ટિ વિકસાવવી જોઈએ. કોઈ પણ ઘટનાને વિજ્ઞાનની કસોટીએ ચઢાવતાં શીખવવું જોઈએ. તવી પર ગરમ થતી રોટલી ફૂલે છે કેમ? દીવાલ પર પેનની ઉર્ધ્વ સ્થિતિમાં લખતાં થોડીવારે લખવાનું બંધ કેમ થઈ જાય છે? આવા નાના નાના પ્રશ્નો પણ વૈજ્ઞાનિક દૃષ્ટિથી ચકાસતા શીખવવું જોઈએ. કેટલાક વિજ્ઞાન અને ધર્મને જુદા માને છે અને એક ઉક્તિ ટાંકે છે -

"વિજ્ઞાન કહે છે... શ્રદ્ધા હોય તો ભગવાન દેખાય ને?" વાસ્તવમાં ધર્મની ધારણામાં જ વિજ્ઞાન સમાયેલું છે. વેદોમાં વિજ્ઞાન વણાયેલું છે. આપણા ઋષિઓએ કેવળ આધ્યાત્મિકતાની વાતો જ કરી છે એવું નથી, એમણે અદ્‌ભૂત શોધો કરી છે.

વૈજ્ઞાનિકાશ્ચ કપિલઃ કણાદઃ સુશ્રુતસ્તથા ।
ચરકો ભાસ્કરાચાર્યો વરાહમિહિર સુધાઃ ॥
નાગાર્જુનો ભરદ્વાઝ આર્યભટ્ટો બસુર્બુધઃ ।
કપિલ, કણાદ, સુશ્રુત, વિજ્ઞાન રામાનુજા દયઃ ॥

કપિલ, કણાદ, સુશ્રુત, ચરક, ભસ્કરાચાર્ય, વરાહમિહિર, બ્રહ્મગુપ્ત, નાગાર્જુન, ભરદ્વાજ, આર્યભટ્ટ, જગદીસચંદ્ર બોઝ, સી.વી. રામન, રામાનુજ જેવા અસંખ્ય ભારતીય ઋષિઓ-વૈજ્ઞાનિકોનો પરિચય વિદ્યાર્થીઓને કરાવવાથી રાષ્ટ્રગૌરવની માત્રા અધિક પ્રબળ બનશે.

(૧૧) જીવવિજ્ઞાન

શું આ શાસ્ત્ર શીખવતાં શીખવતાં કરોળિયાની ધીરજ અને કીડીના સંગટનશક્તિની વાત કરી શકાય?

'આત્મવત્ સર્વભૂતેષુ ।', 'સર્વ ખલ્વિદં બ્રહ્મઃ ।'
'અહમ્ બ્રહ્માડસ્મિ ।', 'તત્ત્વમસિ'

જેવાં ગહન સૂત્રોને સરળ શૈલીમાં ન સમજાવી શકાય?

જીવ અને શિવનો સંબંધ ન સમજાવી શકાય? દરેક જીવને જીવવાનો સંપૂર્ણ અધિકાર છે એવું ન સમજાવી શકાય? માંસાહાર કોઈ રીતે વૈજ્ઞાનિક નથી, કેવળ સ્વાદ-ભોગની શુદ્ર પ્રક્રિયા છે એ ન સમજાવી શકાય? પ્રત્યેક જીવનું આ સૃષ્ટિમાં અનન્ય મહત્ત્વ છે એ ન સમજાવી શકાય? એવું શીખવી શકે તે ઉત્તમ આચાર્ય.

(૧૨) વનસ્પતિ શાસ્ત્ર

આ શાસ્ત્ર શીખવતી વખતે ફૂલની આકાંક્ષા સમજાવશો. તુલસીના ગુણો અને માનવજાત પ્રત્યેના એના ઉપકારો સમજાવશો.

શીખવજો કે -

અમંત્રં અક્ષરં નાસ્તિ નાસ્તિ મૂલં અનૌષધમ્ ।
અયોગ્યઃ પુરૂષો નાસ્તિ યોજકસ્તત્ર દુર્લભઃ ॥

ચરક મુનિ વનસ્પતિ દેવીને પ્રણામ કરીને, ક્ષમાયાચના કરીને પાંદડું તોડતા. એમનું જીવન વનસ્પતિઓ સાથેનાં સંવાદમાં વ્યતીત થયું. એમણે ૨૦૦૦ જેટલી ઔષધિઓ શોધી. વિદ્યાર્થીઓને જગદીશચંદ્ર બોઝના વનસ્પતિ પ્રેમની વાત કરીને એમનાં જેવા જ સંવેદનશીલ બનાવજો. વનસ્પતિમાં જીવન છે અને એનાં ઉપકારને કારણે આપણું અસ્તિત્વ છે એ સમજાવો.

વૃક્ષ પણ ઊંઘે છે. હસે છે... બોલે છે, એની ભાષા સમજવાની ક્ષમતા કેળવવી જોઈએ.

(૧૩) રસાયણ શાસ્ત્ર

જીવનનું શ્રેષ્ઠ રસાયણ છે - સેવા, એ સમજાવજો. H_2 અને Cl_2 બંને પોતાના અણુઓ ગુમાવે છે અને વિનમ